# શહેરમાં દબાણ દેખાય તો વોટ્સએપ કરો..!

## મનપા વિસ્તારને દબાણમુક્ત કરવા તંત્ર સક્રીય થયુ : અડચણરૂપ લારી-ગલ્લા કે પાથરણા સહિતનાં દબાણનો ફોટો પાડી નગરજનો અધિકારીને મોકલી શકશે : અધિકારીની ટીમ દબાણ હટાવી જશે : ૯૪૨૭૯૫૫૫૫૧ નંબર પર ફોટો વોટ્સએપ કરો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં જેટલા મકાનો નથી તેનાથી વધુ તો દબાણો છે..! લારી, ગલ્લાઓ અને પાથરણા લઈને અડચણરૂપ દબાણ કરી ફૂટપાથ તથા માર્ગો ભરચક કરી દેવામાં આવતા હોવાથી નગરજનો પણ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વર્ષોથી તંત્રની ઢીલી નીતિ અને ઉઘરાણી સિસ્ટમને પગલે આ દબાણો બિલાડીની ટોપની જેમ ફુટી નીકળ્યા છે. હવે મનપા કમિશનર આ આડચણરૂપ દબાણોને મુળમાંથી ઉખાડી નાંખવા પ્રયત્નો શરૂ કર્યા છે.

ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમને દબાણ મુક્ત ગાંધીનગર કરવા આ કામગીરીનો ચાર્જ આપવામાં આવ્યો છે. શહેરના કોઈ પણ વિસ્તારમાં અડચણરૂપ લારી, ગલ્લા કે પાથરણા ન રહે તે માટેની ઝુંબેશ આજથી શરૂ કરવામાં આવી છે. તબક્કાવાર દરેક સેકટરોમાં આ ઝુંબેશ લઈ જવામાં આવશે તેમ છતા નગરજનોને જ્યાં આવા અડચણરૂપ દબાણો હટાવવાની કામગીરીમાં રસ દાખવી મદદરૂપ થવા અપીલ કરવામાં આવી છે. ઓફીસર મહેશ મોડે પોતાનો વોટ્સએપ નંબર જાહેર કર્યો છે. આવા અડચણરૂપ દબાણના ફોટા પાડી તેનું લોકેશન લખીને ૯૪૨૭૯૫૫૫૫૧ નંબર પર વોટ્સએપ કરી દેવા અપીલ કરવામાં આવી છે. માહિતી આપનાર વ્યક્તિની ઓળખ પણ ગુપ્ત રખાવામાં આવશે. હવે નગરજનોની શિરદર્દ સમાન સમસ્યા ગણતરીના દિવસોમાં ઓછી થઈ જાય તેવી ઝુંબેશ તંત્ર ચલાવશે. મનપા કમિશનરના પ્લાસ્ટીક હટાવો ઝુંબેશ બાદ દબાણ હટાવો ઝુંબેશની પ્રશંસા પણ થઈ રહી છે. આ કામગીરીમાં કોઈ રાજકીય રૂકાવટ ન આવે તેવી પ્રાર્થના ખુદ નગરજનો કરી રહ્યા છે..!

### સે. ૨૧ શાકમાર્કેટમાં અડચણરૂપ દબાણ દૂર કરાયા

મનપા કમિશનરે દબાણ હટાવવાની કામગીરી ફાયર ઓફીસર મહેશ મોડને સોંપવાના પ્રથમ દિવસે તેમણે તેમની ટીમ સાથે મળીને સે. ૨૧ શાક માર્કેટમાં સપાટો બોલાવ્યો હતો. શાકભાજી ખરીદવા આવતા નગરજનોને ચાલવા માટેનો પણ રસ્તો ન મળે તેવી સ્થિતિ અડચણરૂપ પાથરણા પાથરીને વેપારીઓ ઉભી કરતા હોય છે. આ સ્થળે સપાટો બોલાવીને પાથરણા હટાવડાવી રસ્તો ક્લીન કરાવડાવી દેવામાં આવ્યો છે.

### ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં આજે સાંજના સુમારે ફુંકાયેલી આંધીમાં દ્વિ ચક્રી વાહન ચાલકો ફસાયા હતા.


● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૬ નાયબ ચીટનીશને તાલુકા વિકાસ અધિકારી તરીકે પ્રમોશન થતાં આજે ખુશીનો માહોલ જોવા મળતો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં અને વહીવટીતંત્રમાં વય મર્યાદાની નિવૃત્તિને કારણે બદલીઓ અને ચાર્જનો દોર આરંભાયો છે.

● ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં તાલુકા પંચાયતના કોંગીના સભ્યોને વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાં અન્યાયની લાગણી પ્રસરી જવા પામી છે.

● ગુજરાતના વિજીલન્સ કમિશનર તરીકે એચ.કે. દાસે આજે તેમનો હોદ્દો સંભાળી લીધો છે. બે માસ કરતાં પણ વધારે સમય બાદ તેમણે તેમનો આ નવો હોદ્દો સંભાળ્યો છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... બે વખત હેડફોન રીપેર કરાવ્યો... સો રૂપિયા લીધા પણ સંભળાયું નહીં... એટલે કંપનીવાળાએ મને કહ્યું કે તમને હું મારો કાન બતાવી આવું...!!**

### અનુસૂચિત જાતિના વિવિધ પડતર પ્રશ્નો અંગે બેઠક યોજાઈ

અનુસૂચિત જાતિના વિવિધ પડતર પ્રશ્નો-બાબતોની રૂબરૂ સુનાવણી બેઠકનું આયોજન ગઈકાલ તા. ૩૦મી જુન-૨૦૧૬ના રોજ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, નવી દિલ્હીના સભ્ય રાજુભાઈ પરમારની ઉપસ્થિતિમાં સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અનુસૂચિત જાતિના અરજદારોએ રૂબરૂ હાજર રહી તેઓના પ્રશ્નોની રજૂઆત કરી હતી. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમારે ઉપસ્થિત અધિકારીઓને અનુસૂચિત જાતિના પડતર પ્રશ્નો અંગે હકારાત્મક નિકાલ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

# ગાંધીનગરના પારૂલ કશ્યપ ઈન્ટરનેશનલ બ્યુટી કોન્ટેસ્ટમાં સેકન્ડ રનર્સઅપ વિજેતા

## દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ બ્યુટી એક્સ્પોમાં બ્રાઈડલ બ્યુટી કોન્ટેસ્ટમાં સેકન્ડ રનર્સઅપ બન્યા : દેશ-વિદેશની ૬૦ યુવતિઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર હવે ગ્લેમરની દુનિયામાં ધીમે ધીમે પોતાનુ નામ જમાવતુ જાય છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ બ્યુટી એક્સ્પો-૨૦૧૬માં બ્રાઈડલ કોમ્પિટીશનમાં ગાંધીનગરના પારૂલ કશ્યપ મોદી સેકન્ડ રનર્સ અપ વિજેતા જાહેર થયા છે. પારૂલે આંતરરાષ્ટ્રીય કક્ષાની ૬૦ પ્રતિસ્પર્ધીઓમાં તૃતીય સ્થાન હાંસલ કરી શહેરનું નામ રોશન કર્યું છે.

નવી દિલ્હી ખાતે અનેઆર સ્કૂલ ઓફ બ્યુટીના નિર્મલ રંધાવા દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ બ્યુટી એક્સ્પો ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં દેશ-વિદેશની ૬૦ યુવતિઓએ ભાગ લીધો હતો. ગાંધીનગરની પારૂલ કશ્યપ મોદીએ તેમના મેકઅપ આર્ટિસ્ટ નિશા ઢીંગરાની પ્રેરણાથી આ સ્પર્ધામાં પદાર્પણ કર્યું હતું. આ કોમ્પિટીશનના પ્રારંભિક રાઉન્ડમાં પારૂલે પ્રથમ દસ સ્પર્ધકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આખરી રાઉન્ડમાં તેઓ સેકન્ડ રનર્સઅપ સ્થાને વિજેતા બન્યા હતા જ્યારે પ્રથમ ક્રમે શ્રીલંકાની સ્પર્ધક વિજેતા રહી હતી જ્યારે ફર્સ્ટ રનર્સ અપ એટલે કે દ્વિતિય ક્રમે દિલ્હીની સ્પર્ધક વિજેતા બની હતી. આ સ્પર્ધામાં રેમ્પ વૉક સાથે બ્રાઈડલ મેકઅપ અને આઉટફીટને પણ રજૂ કરવાના હતા.




આ સ્પર્ધા અગાઉ પારૂલ છેલ્લા ૨ વર્ષથી આસોપાલવ સાડી સહિત વિવિધ ખ્યાતનામ બ્રાન્ડસ માટે મોડેલીંગ કરી રહ્યાં છે. જેમાં વસ્ત્રો અને જ્વેલરીની બ્રાન્ડ મુખ્ય છે. અત્રે ઉલ્લેખનીય છે કે પારૂલ કશ્યપ મોદી ગાંધીનગરના માહિતી ખાતાના અધિકારી વિનોદ મોદીના પુત્રવધુ થાય છે અને જાણીતી ફિલ્મ સ્ટાર અવની મોદીના ભાભી થાય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પારૂલ મોદીએ સેકન્ડ રનર્સઅપનું સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે.

### દુઃખદ અવસાન

ગાંધીનગરની જીઆઈડીસી ખાતે આવેલ એજીસી નેટવર્ક કંપનીમાં કાર્યરત અને સેક્ટર-૩માં રહેતા સ્નેહલ હરીશચંદ્ર શેલતના માતૃશ્રી ભારતીબેન હરીશચંદ્ર શેલતનું તા. ૩૦મી જુનના રોજ દુઃખદ અવસાન થવા પામ્યુ છે. સદ્ગતનું બેસણુ તા. ૩જી જુલાઈ રવિવારે સેક્ટર-૩-ડીના રામેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં એરફોર્સ લોન ટેનિસ ચેમ્પિયનશીપ યોજાઈ

ગાંધીનગર, તા.૧

એરફોર્સના ગાંધીનગર ખાતેના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના હેડ કવાર્ટર ખાતે તા. ૨૭થી તા.૩૦મી જુન દરમિયાન એરફોર્સ લોન ટેનિસ ચેમ્પિયનશીપ ૨૦૧૬-૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ઈસ્ટર્ન એર કમાન્ડ ટીમ ચેમ્પિયનશીપ વિજેતા બની હતી.




એરફોર્સ લોન ટેનિસ ચેમ્પિયનશીપમાં ભાગ લેનાર ટીમોમાં એર હેડકવાટર્સ, વેસ્ટર્ન એર કમાન્ડ, સાઉધર્ન એર કમાન્ડ, મેઈન્ટેનન્સ કમાન્ડ અને ટ્રેઈનીંગ કમાન્ડ, સેન્ટ્રલ એર કમાન્ડ, ઈસ્ટર્ન એર કમાન્ડ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ વગેરેનો સમાવેશ થતો હતો. સ્પર્ધા વ્યકિતગત અનો ટીમ ચેમ્પિયનશીપ એમ બંને કેટેગરીમાં યોજાઈ હતી અને તમામ મેચ લીગ-કમ-નોકઆઉટ આધારિત રમાડવામાં આવી હતી. સ્પર્ધાના સમાપન સમારોહમાં સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસ ઈન ચીફ એર માર્શલ આર.કે. ધીર ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિજેતાઓને સર્ટીફીકેટ ઓફ મેરિટ તથા ચંદ્રકો એનાયત કર્યા હતા. તેમણે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં ખેલાડીઓને ઉત્તમ ખેલદિલી પૂર્વકની રમતના પ્રદર્શન માટે અભિનંદન આપતા રમતમાં સર્વોચ્ચ શિખરોહાંસલ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે તેમણે ખેલાડીઓને સખત મહેનત કરવાની પણ શીખ આપી હતી. સ્પર્ધામાં સામુહિક રીતે ઈસ્ટર્ન એર કમાન્ડની ટીમને ચેમ્પિયન ઘોષિત કરવામાં આવી હતી.

# ૭મા પગારપંચ દ્વારા પેન્શનરોને માત્ર ૧૧ ટકા જ ફાયદો થાય છે

૭મા પગાર પંચની ભલામણોને કેન્દ્રીય કેબીનેટે મંજુર કરેલ છે. તેમાં તેઓએ પેન્શનરને ૨૩ ટકા (૨૦થી ૨૫ ટકા)નો લાભ મળશે તેવી જાહેરાત કરેલ છે. વાસ્તવમાં ફક્ત ૧૧.૧ ટકાનો પેન્શનરને લાભ મળશે. જે નીચેના પત્રક ઉપરથી સ્પષ્ટ થાય છે.

| ક્રમ | હાલનો મૂળ પેન્શન | તેના ઉપર ૧૨૫ ટકા મોંઘવારી ભથ્થું | કુલ પેન્શન + મોંઘવારી ભથ્થું | ૭મા પગારપંચ મળવાપાત્ર કુલ પેન્શન | રૂપિયામાં તફાવત | હાલના પેન્શનરોને ૭મા પગાર પંચ વચ્ચેનો તફાવત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૦૦૦ | ૧૨૫૦૦ | ૨૨૫૦૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦ | ૧૧.૧ ટકા |
| ૨ | ૧૫૦૦૦ | ૧૮૭૫૦ | ૩૩૭૫૦ | ૩૭૫૦૦ | ૩૭૫૦ | ૧૧.૧ ટકા |
| ૩ | ૨૦૦૦૦ | ૨૫૦૦૦ | ૪૫૦૦૦ | ૫૦૦૦૦ | ૫૦૦૦ | ૧૧.૧ ટકા |
| ૪ | ૩૦૦૦૦ | ૩૭૫૦૦ | ૬૭૫૦૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦ | ૧૧.૧ ટકા |

ઉપરોક્ત કોઠા પ્રમાણે ક્રમાંક ૧ માં મુળ પેન્શન હાલ રૂ. ૧૦૦૦૦ છે તેના ઉપર ૧૨૫ ટકા હાલનું મોંઘવારી ભથ્થુ ઉમેરાતા કુલ પેન્શન હાલ ૨૨૫૦૦ થાય છે. સાતમા પગાર પંચની ભલામણ મુજબ રૂ. ૧૦ હજારના મુળ પેન્શન સામે રૂ. ૨૫ હજાર પેન્શન હવે મળવાપાત્ર થશે. એટલે કે હાલના કુલ પેન્શનમાં લાભ રૂ. ૨૫૦૦ ફક્ત થાય છે. એટલે કે ફક્ત ૧૧.૧ ટકાનો લાભ મળશે તેમ કહી શકાય નહિ કે ૨૩ ટકા કે ૨૫ ટકા. નાણાંમંત્રી અરૂણભાઈ જેટલીએ વાસ્તવમાં પેન્શનરોને બુદ્ધુ બનાવેલ છે. પાંચમા અને છઠ્ઠા પગારપંચે અનુક્રમ ૪૦ ટકા અને ૫૧ ટકાનો લાભ આપેલ છે. દસ વર્ષે ૭મા પગાર પંચે તેની સામે ફક્ત ૧૧ ટકાનો લાભ દર્શાવેલ છે. જે પેન્શનરો મુળ નિરાશ થયેલ છે. ગાંધીનગર નિવૃત્ત સહકારી મંડળ સેક્ટર-૭-ડીના પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટે જણાવેલ છે.

### રવિવારે સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની સાધારણ સભા યોજાશે

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સેકટર-૨૨ રંગમંચ ગાંધીનગર દ્વારા આ વર્ષે ૪૭માં ગણેશોત્સવની ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. આગામી તા.૫ થી ૧૧ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે આગામી તા. ૩ જુલાઈને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે સે-૧૯, જીમખાના ખાતે સમિતિ દ્વારા સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સને ૨૦૧૫ના આવકજાવકના હિસાબોને બહાલી આપવા તેમજ સને ૨૦૧૬ના વર્ષ માટે હોદ્દેદારો અને કાર્યકર્તાઓની વરણી કરવામાં આવશે. આ સભામાં તમામ ધર્મપ્રેમી નગરજનોને તેમજ સમિતિના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે જણાવ્યું છે.

# રાજકોટના નિર્દોષ યુવાનને પોલીસે ઢોર માર માર્યો

## પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા છતાં ગુનો દાખલ ન કરાતાં ડીજીપી સમક્ષ અને માનવ અધિકાર આયોગમાં યુવકે રજુઆત કરી

ગાંધીનગર, તા. ૧

રાજકોટમાં સ્થિત યાયાવર વિસ્તારમાં ૨૦ જુને રાત્રીના અરસામાં જયેશભાઈ રાવતભાઈ હુંબલ પસાર થઈ રહ્યા હતા ત્યારે રાજકોટ પોલીસે તેમને ઉભા રાખીને ઢોર માર માર્યો હોવાનો બનાવ બનવા પામ્યો હતો. આ બનાવ બાદ હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર લેવામાં આવી હતી. જયેશભાઈનો આક્ષેપ છે કે કોઈ જ કારણ વગર માત્ર રૂપિયા પડાવવાના હેતુથી પોલીસે તેમને ટાર્ગેટ બનાવી હતી. આ સમગ્ર ઘટના ત્યાંના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે. તેમ છતાં મારઝુડ કરનાર પોલીસ સામે સ્થાનિક પોલીસ મથકમાં ફરીયાદ કરવા છતા ગુનો દાખલ કરવામાં આવતો નથી. આખરે કંટાળીને રાજકોટથી આ યુવાન તેમના પિતા સાથે ગાંધીનગર ખાતે પોલીસભવનમાં ડીજીપી સમક્ષ અને માનવ અધિકાર આયોગમાં રજુઆત કરવા પહોંચ્યા હતા. આરોપી પોલીસ સામે ગુનો દાખલ કરવા જયેશભાઈએ રજુઆત કરી છે. હવે જોવુ રહ્યું કે ગુનો દાખલ થાય છે કે રજુઆતની અરજી માત્ર કાગળના ઢગલાનો એક ભાગ થઈ જાય છે..!




# શહેર એસટી ડેપોમાં ૩૪ ડ્રાઈવર-કંડકટરને કાયમી ઓર્ડર

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર એસ.ટી. ડેપોમાં છેલ્લા પાંચ વર્ષથી ડ્રાઈવર-કંડકટર તરીકે ફરજ બજાવતા ૩૪ કર્મચારીઓ આજથી કાયમી થવા પામ્યા છે. સરકારી નોકરી મેળવ્યા છતા પાંચ વર્ષ માત્ર ગણ્યાં ગાંઠયા પગારમાં કોન્ટ્રાકટમાં ફરજ બજાવતા ૩૪ ડ્રાઈવર-કંડકટરને ફુલ પગારના કાયમીના ઓર્ડર મળતા તેઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં ગઈકાલે ૧૭ કર્મચારીઓ નિવૃત્ત થયા છે. ડેપોમાં પહેલેથી જ ડ્રાઈવર અને કંડકટરની જગ્યાઓ ખાલી છે. અત્યારે હાલ કર્મચારીઓની અછત હોવાથી અન્ય કર્મચારીઓ પર કામનું ભારણ વધુ રહે છે. અંદાજીત ૧૦૦ થી વધુ ડ્રાઈવર-કંડકટરની ખોટ ડેપોમાં વર્તાઈ રહી છે. રોજના ૩૮૮ રુટમાં કર્મચારીઓ પોતાની ફરજ બજાવે છે. જયારે ડેપો દ્વારા ૨૨ હજાર કિલોમીટરનું સંચાલન કરવામાં આવે છે. ત્યારે એસટી નિગમ દ્વારા રાજયભરમાં ખાલી પડેલી ડ્રાઈવર-કંડકટરની જગ્યાઓ પર કર્મચારીઓની ભરતી વર્ષ ૨૦૧૧-૧૨માં કરવામાં આવી હતી. પાંચ વર્ષના કોન્ટ્રાકટમાં રાત-દિવસ સતત દોડયા બાદ આખરે કર્મચારીઓ કાયમી ફુલ પગારમાં થઈ ગયા છે. ગાંધીનગર એસટી ડેપોમાં પણ ફરજ બજાવતા ૩૪ કર્મચારીઓ પણ ફુલ પગાર કાયમી થઈ ગયા છે. પાંચ વર્ષ બાદ કાયમી ના ઓર્ડર મળતા કર્મચારીઓ સહિત પરિવારોમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. ઉલ્લેખનીય છે કે ત્યારે આગામી સમયમાં પણ એસટી નિગમ દ્વારા રાજયભરમાં આવેલ એસટી ડેપોમાં ડ્રાઈવર-કંડકટરની ઘટ પુરાય તે દિશામાં યોગ્ય પગલા લેવાય તેવી લોક માંગ ઉઠવા પામી છે. ગાંધીનગર એસટી ડેપોમાં અંદાજે ૧૦૦ ડ્રાઈવર-કંડકટરની અછત છે.



શહેરમાં નબીરાઓની દાદાગીરીનો એક વધુ કિસ્સો બનવા પામ્યો છે. બનાવની વિગત એવી છે કે શુક્રવારની સવારે લગભગ ૧૦.૩૦ વાગે સે-૧૩માં રહેતા નવીનભાઈ બાબુભાઈ દોડીયા હર હંમેશની જેમ પોતાની લારી લઈ સે-૩ ખાતે ગ રોડ પરથી જઈ રહ્યા હતા. તેવામાં બાઈક નં. જીજે-૧૮-કે-૬૨૬૨ એ પાછળથી લારીને ટકકર મારતાં નવીનભાઈ રોડ પર પટકાયા હતા અને તેમની લારી પણ ઊંધી વળી ગઈ હતી. જેમાં રાખેલ કોસ્ટેમેટીકસ, હોઝીયરીની વસ્તુઓ રસ્તા પર વિખેરાઈ ગઈ હતી. ત્યારબાદની ઘટનાએ તો હદ કરી નાંખી. એક રાહદારીએ માનવતાએ નવીનભાઈને ઉભા કર્યા બાઈક સવારને આમ ન કરવા જણાવ્યું તો બાઈક ચાલક મયંકભાઈ મારવાડીએ પોલીસને અમે સાચવી લઈશું તમે એની ચિંતા ન કરો કહેતા હાજર રાહદારી જરા નારાજ થયો અને બાઈકની ચાવી લઈ લીધી. પોલીસને ૧૦૮ને જાણ કરવામાં આવી. સામાન્યતઃ ઈજાઓ થઈ હતી. પોલીસે પહેલા તો ભીડને વીખેરી ત્યારબાદ લારીચાલકના પરિવારજનોને જણાવ્યું 'આવું તો થાય રસ્તો છે' અને આ સાંભળી જે રાહદારી એ નજરોનજર આ દશ્ય જોયું હતું તેનો પિત્તો ગયો. તુરંત જ પોલીસને કહ્યું, 'આ બાઈક પર ત્રણ વ્યકિતઓ હતા અને મોબાઈલ પર વાત કરતા તેમની ગફલતને કારણે આ અકસ્માત થયો છે. અને મારી સામે પોલીસ સાથેના સારા સંબંધોની વાત કરી હતી. તમે કાર્યવાહી કરવાને બદલે બચાવ કરો છો. કરો ફરીયાદ હું જુબાની આપીશ.' પછી ના છુટકે પોલીસે કાર્યવાહી કરવી પડી. આ વાત પરથી નગરના વગદાર નબીરાઓમાં અને પોલીસની મીઠી નજરની વાતે પોલીસ પર શંકા વધુ મજબુત કરી દીધી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)